ભરતી પ્રક્રિયાથી ભાગતા અધિકારીઓ: એક વિદેશ ફરવા ગયા, તો બીજાએ વિભાગ બદલ્યો!

સરકાર દ્વારા ૨૪,૫૦૦ કાયમી શિક્ષકોની ભરતી પ્રક્રિયા છતાં ફરી 'વિદ્યાસહાયક'નું લોલિપોપ શા માટે?

હજારો ખાલી જગ્યાઓ વચ્ચે નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ જતા કથળતું શિક્ષણ: સરકાર પૈસા બચાવવા માગે છે? વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય... જવાબદાર કોણ?

ખંભાળિયા તા. ૧૧: ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એક વર્ષ પહેલાથી રાજ્યોમાં પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ પર ૨૪,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાની જાહેરાત તથા ભરતી પ્રક્રિયા શરૂ થઈને મેરીટ લીસ્ટ, શાળા પસંદગી પછી અંતિમ તબક્કે ઉમેદવારોની નિયુક્તિ કાર્યવાહીને એક વર્ષ પૂરૂં થવા છતાં પણ હજુ આ પ્રક્રિયા પૂર્ણ ના થતા પ્રાથમિક, માધ્યમિક તથા માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં હજારો શિક્ષકોની ખાલી જગ્યાઓ વચ્ચે તાજેતરમાં તા. ૯-૬-૨૦૨૫ ના નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું ત્યારે ફરી પાછું વિદ્યાસહાયકનું 'લોલીપોપ' શરૂ કર્યું છે. કાયમી શિક્ષકોની ભરતી પ્રક્રિયા હજુ 'જેસે થે'ની સ્થિતિમાં પડી છે.

રાજ્યમાં પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા., સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં આ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં જાણે અધિકારીઓ ડરતા હોય તેવી સ્થિતિ હોવાનું કહેવાતું હોય તેમ રાજ્યના શિક્ષણ વિભાગના એક અધિકારી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાના કાર્ય કરવાના બદલે વિદેશ 'ફરવા' ચાલ્યા ગયા તો એક અધિકારી બદલી કરાવીને બીજા વિભાગમાં ચાલ્યા ગયા તો એક અધિકારી મંત્રીના કાર્યાલયમાં ચાલ્યા ગયા. અગાઉ શાળા પસંદગી મેરીટ લીસ્ટ બનાવેલું તે રદ્દ કરી ફરીથી નવું શાળા પસંદગી લીસ્ટ બનાવાયું તે પણ માત્ર ઉચ્ચતર માધ્યમિકનું અને તે પણ તા. ૯-૬-૨૦૨૫ ના શાળા સત્ર શરૂ થાય ત્યારે. પછી આગળ કંઈ નહીં.

ગુજરાત સરકાર શિક્ષણ તંત્રે અવનવા પ્રયોગો કરીને સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. હાલમાં કરોડો રૂપિયા શિષ્યવૃત્તિઓ, સરસ્વતી સહાય યોજના, ખાસ મેરીટ સ્કોલરશીપ તથા શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા ઉત્સવો થાય છે ત્યારે શિક્ષણ વિભાગ એ નથી જોતો કે શિક્ષકો વગર શિક્ષણના તમામ 'ઉત્સવો' અને આયોજનો યોજના અધુરા જ છે.

લાંબા સમયથી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ તથા એક વર્ષથી ભરતી જાહેરાત પછી પણ કાર્યવાહી પૂર્ણ નહીં અને નવા સત્રથી વિદ્યા સહાયકની મંજુરી આ બધું જોઈને અનુભવી કેળવણીકારો સરકાર પૈસા બચાવા માગે છે કે શું તેવો સવાલ કરે છે.

કાયમી શિક્ષકોની ભરતી થાય તો તેમને નિયત પગાર ચૂકવવો પડે જ્યારે સહાયકને અડધા પગારમાં લઈ શકાય અને શિક્ષક તરીકે તે હાલ ચાલે જેથી તંર ભરતી ના કરી કરોડો રૂપિયા બચાવતું હોવાનો પણ આક્ષેપ હવે થઈ રહ્યો છે, ત્યારે કેટલાયે સ્થળે મહત્ત્વના શિક્ષકોની જગ્યા લાંબા સમયથી ખાલી હોય, ગુજરાતના વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બનતું જતું હોય, સમગ્ર રાજ્યમાં આકરી ટીકા થાય છે.

આડેધડ પાર્કિંગ કરતા આસામીઓ દંડાયા:

દ્વારકામાં ટ્રાફિક શાખા દ્વારા યોજાઈ ડ્રાઈવ

તસ્વીર : રવિ બારાઈ

યાત્રાધામ દ્વારકામાં બહારગામથી મોટી સંખ્યામાં આવતા ભાવિકોના વાહનોના કારણે ટ્રાફિકજામ સહિતની સમસ્યા ઉદ્ભવતી રહે છે ત્યારે તાજેતરમાં જ ટ્રાફિક શાખામાં ચાર્જ સંભાળનાર પીઆઈ આકાશ બારસીયા દ્વારા ગઈકાલે ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા તેમજ નિયમોનો ભંગ કરનાર આસામીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. દ્વારકા પોલીસ મથકના પીએસઆઈ કે.કે. માડ તથા સ્ટાફ સાથે જોડાયો હતો. આડેધડ રીતે વાહન રાખી દેનારા વ્યક્તિઓ તેમજ નંબર પ્લેટ વગરના વાહનો, કાળી ફિલ્મ લગાડેલી મોટરો પકડી પાડવામાં આવી હતી અને ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવતા આસામીઓ સામે પણ પગલાં ભરવામાં આવ્યા હતા.

ખંભાળિયા: પાલિકાના કચરાના ડમ્પીંગ યાર્ડમાં આગનું છમકલું

(તસ્વીર: મુકેશ મોકરીયા)

ખંભાળિયા તાલુકાના તરઘડી ગામે ખંભાળિયા પાલિકાનું કચરાનું ડમ્પીંગ યાર્ડ આવેલું હોય, ત્યાં કચરાના ઢગલામાં આગ લાગતા તથા ધૂમાડાના ગોટા નીકળતા જાણ થતાં ખંભાળિયા ફાયરબ્રિગેડની ટૂકડી દોડી હતી તથા ટેન્કરથી પાણીનો મારો કરી આગ કાબૂમાં લીધી હતી, જો કે આ પહેલા આગ લાગી હતી તે દિવસો સુધી ચાલી હતી. અહીં કચરાના ઢગલામાં આવતા પ્લાસ્ટિક જેવા ડૂચામાં કોઈ ટીખરખોળે દીવાસળી ચાંપીને આગ ચાંપી હોવાનું કહેવાય છે.

દ્વારકા નજીક મકનપુર પાસે બાઈક પરથી પડી જતાં સુરજકરાડીના મહિલાનું મૃત્યુ

જામનગર તા. ૧૧: ઓખામંડળના મીઠાપુર પાસે સુરજકરાડીમાં રહેતા એક મહિલા રવિવારે સાંજે મકનપુર ગામ પાસે બાઈક પરથી પડી જતાં ઈજા પામ્યા હતા. આ મહિલાનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુર નજીકના સુરજકરાડીમાં રહેતા મીનાબેન ધર્મેશભાઈ બારીયા (ઉ.વ.૨૯) નામના મહિલા રવિવારે સાંજે આઠેક વાગ્યે મીઠાપુરથી જમવા માટે દ્વારકા આવવા મોટરસાયકલ પર નીકળ્યા હતા. તેઓ જ્યારે મકનપુર ગામ પાસે પહોંચ્યા ત્યારે કોઈ રીતે મીનાબેન બાઈક પરથી પડી ગયા હતા. માથા સહિતના શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પામેલા આ મહિલાને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓનું મૃત્યુ નિપજ્યું છે. જામનગરની શંકરટેકરીમાં વલ્લભનગર પાસે રહેતા ભાનુબેન મનજીભાઈ કબીરાએ પોલીસને જાણ કરી છે. દ્વારકા પોલીસે અપમૃત્યુ અંગે નોંધ કરી આગળની કાર્યવાહી કરી છે.

સલાયા તથા રાવલમાં તીનપત્તી રમતા સાત ઝબ્બે:

લાલપુરના નાંદુરીમાં જુગારનો દરોડો: ચાર પત્તાપ્રેમી પકડાયા, બે શખ્સ નાસી જવામાં સફળ

જામનગર તા. ૧૧: લાલપુરના નાંદુરી ગામમાં ગઈકાલે સાંજે ગંજીપાનાથી જુગાર રમતા ચાર શખ્સ પકડાયા છે. બે નાસી જવામાં સફળ થયા છે. દ્વારકા જિલ્લાના સલાયામાંથી ત્રણ પત્તાપ્રેમીને પોલીસે પકડી લીધા છે. કલ્યાણપુરના રાવલમાં ગંજીપાના કૂટતા ચાર શખ્સ મળી આવ્યા છે અને એક નાસી ગયો છે.

લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં ગઈકાલે સાંજે કેટલાક શખ્સો એકઠા થઈ જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા હોવાની બાતમી પરથી લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

ત્યાં આવેલી દાવલશા પીરની જગ્યામાં તીનપત્તી રમતા દિનેશભાઈ નારણભાઈ કરંગીયા, દેવાભાઈ નાથાભાઈ ઝાપડા, નરેશ ભોજાભાઈ આયડી, નાથાભાઈ પાલાભાઈ કરંગીયા નામના ચાર શખ્સને પોલીસે પકડી લીધા હતા. જ્યારે હમીરભાઈ જેતાભાઈ કરંગીયા, અગરસંગ લાલુભા જાડેજા નામના બે શખ્સ નાસી ગયા હતા. પોલીસે પટમાંથી રૂ. ૧૭૭૦ રોકડા અને ગંજીપાના કબજે કરી છએય સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

સલાયાના ગોઈજ રોડ પર ગોજવેલ પાસે ગઈકાલે સાંજે ગંજીપાના કૂટતા શબ્બીર હુસેન ભગાડ, સુલતાન જુસબ સંઘાર, આબીદ ઈકબાલ બારોયા નામના ત્રણ શખ્સને પોલીસે પકડી લઈ રૂ. ૩૧૦૦ ઝબ્બે લીધા છે.

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામમાં તીનપત્તી રમતા કાનાભાઈ લખમણભાઈ મેર, સંજય વિજુભાઈ બારીયા, રોહિત દેવાભાઈ જાદવ, કેશુભાઈ લખમણભાઈ મેર નામના ચાર શખ્સ પોલીસના દરોડામાં ઝડપાઈ ગયા હતા. સંજય મોહનભાઈ જમોડ નામનો શખ્સ નાસી ગયો હતો. પટમાંથી રૂ. ૨૫૬૦ કબજે કરાયા છે.

જન્મદર અને મૃત્યુદરમાં અમદાવાદ મોખરે:

ગુજરાતમાં ૧ વર્ષમાં ૧૧.૨૬ લાખ બાળકોનો જન્મ અને ૪.૮૮ લાખ લોકોના થયા મૃત્યુ

અમદાવાદ તા. ૧૧: ગુજરાતમાં એક વર્ષમાં ૧૧.૨૬ લાખ બાળકોનો જન્મ થયો અને ૪.૮૮ લાખ લોકોના મૃત્યુ થયા હોવાના તારણો નીકળ્યા છે.

સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમના આધારે અહેવાલ

ગુજરાતમાં એક વર્ષમાં ૪.૮૮ લાખ મૃત્યુ, જ્યારે ૧૧.૨૬ લાખ બાળકોના જન્મ થયા છે. ૩૬૫ દિવસમાં ૫,૨૫,૬૬૬ મિનિટ હોય છે અને તે હિસાબે પ્રતિમિનિટે સરેરાશ બે બાળકો ગુજરાતમાં જન્મે છે. એક વર્ષમાં સૌથી વધુ મૃત્યુ અને જન્મ મામલે અમદાવાદ જિલ્લો મોખરે છે. અમદાવાદમાંથી એક વર્ષમાં ૬૫,૪૧૬ ના મૃત્યુ, જ્યારે ૧.૨૪ લાખ બાળકોનો જન્મ થયો હતો.

સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ દ્વારા વર્ષ ૨૦૨૨ માં જન્મેલા અને મૃત્યુ પામેલાની નોંધણીને આધારે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. જેના પ્રમાણે ગુજરાતમાં એક વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧.૫૯ લાખ બાળક, ૧.૪૯ લાખ બાળકીઓ એમ કુલ ૩.૬૮ લાખ, જ્યારે શહેરોમાં ૪.૩૬ લાખ બાળક, ૩.૮૭ લાખ બાળકી એમ કુલ ૮.૧૭ લાખ બાળકોનો જન્મ થયો છે. આમ દીકરીઓ કરતા દીકરાઓના જન્મનું પ્રમાણ ઘણું ઓછું છે. આ ઉપરાંત ગ્રામ્ય કરતા શહેરી વિસ્તારમાં બાળકોના જન્મનું પ્રમાણ વધારે છે.

સૌથી વધુ જન્મમાં અમદાવાદ પછી સુરત ૯૮ હજાર સાથે બીજા, બનાસકાંઠા ૭૬ હજાર સાથે ત્રીજા, દાહોદ ચોથા અને રાજકોટ પાંચમા સ્થાને છે. ગુજરાતમાં જે બાળકો જન્મ્યા છે તેમાંથી ૭૪૪૭ બાળક, ૫૧૧૮ બાળકીઓ ૧ વર્ષથી ઓછી વયમાં જ અવસાન પામે છે. મૃત્યુની જ વાત કરવામાં આવે તો ૭૬ થી વધુ વયે સૌથી વધુ ૧.૯૩ લાખ, ૫૫ થી ૬૪ ની વયે ૮૫,૧૫૫, ૪૫ થી ૫૪ ની વયે ૬૬,૬૨૯ ના મૃત્યુ થયા છે. ૧૪ વર્ષથી ઓછી વયમાં કુલ ૧૯,૯૬૮ ના મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું છે. કુલ મૃત્યુમાં ૨.૯૩ લાખ પુરુષ અને ૧.૯૪ લાખ મહિલાનો સમાવેશ થાય છે.

સંક્ષિપ્ત સમાચાર

- ★ દેહરાદૂનની ડિફેન્સ ફર્મ બીએસએસ મટિરિયલ લિ.એ પહેલી સ્વદેશી ઓટોનોમસ વેપન સિસ્ટમ તૈયાર કરી.
- ★ ભારતનો પ્રજનન દર ૨.૧ થી ઘટીને ૧.૯ થયો: યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડનો રિપોર્ટ.
- ★ અમેરિકામાં ટ્રમ્પ સરકારની ઈમિગ્રેશન નીતિનો ભારે વિરોધ: લોસ એન્જલસમાં ૯૦૦ તોફાનીની ધરપકડ: બે ડઝન શહેરોમાં વિરોધ પ્રદર્શન.
- ★ ભારતના ઉર્જા મંત્રાલયે એર કંડીશ્નરના તાપમાનની મર્યાદા નક્કી કરી: ૨૦ ડીગ્રીથી ઓછું અને ૨૮ ડીગ્રીથી વધુ રાખી નહીં શકાય.
- ★ વિશ્વ સમુદાયે પાકિસ્તાનું ફંડીંગ બંધ કરવું જોઈએ: રાજનાથસિંહ.
- ★ કેનેડાના વિજ્ઞાનિઓને ૩૦ વર્ષ પછી નવી એન્ટિબાયોટિક મળી.
- ★ રાફેલ નડાલે ફ્રેન્ચ ઓપન-૨૦૧૭ ની ફાઈનલમાં ઉપયોગમાં લીધેલ રેકેટ હરાજીમાં રૂ. ૧.૩૫ કરોડમાં વેંચાયું.
- ★ ભારતમાં વર્ષ-૨૦૨૪-૨૫ માં એફડીઆઈ ૧૪% વધી ૮૧.૦૪ અબજ ડોલર નોંધાયું.

હોમગાર્ડઝ પરીક્ષામાં ગેરરીતિના આક્ષેપ પાયા વિહોણાનો પ્રતિભાવ

ખંભાળિયા તા. ૧૧: અમદાવાદમાં યોજાયેલી સમગ્ર ગુજરાત રાજ્યના હોમગાર્ડઝ અધિકારીની પરીક્ષામાં કોંગ્રેસના એક પ્રવકતા દ્વારા ગેરરીતિના થયેલા આક્ષેપો ખોટા તથા પાયા વિહોણા હોવાનું દ્વારકા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડર સંદીપભાઈ ખેતિયાએ જણાવ્યું હતું.

તેમણે જણાવેલ કે, હોમગાર્ડઝએ શીસ્તની બનેલી તથા પોલીસના ખભેખભા મીલાવી કામ કરી શીસ્ત સેવા સમર્પણ અને ઈમાનદારીની સંસ્થા છે ભરતી પરીક્ષા પ્રક્રિયામાં નિયમ મુજબ કાર્યવાહી થઈ છે તથા દ્વારકા જિલ્લામાંથી પણ કોઈ ખોટા ઉમેદવારોએ પણ પરીક્ષા ના આપી હોવાનું જણાવ્યું હતું.

પાસપોર્ટ ખોવાયેલ છે

હું હિતાર્થ ચંદ્રકાંતભાઈ માંડલિયા, હિન્દુ, ઉંમર વર્ષ ૨૫, ધંધો: વેપાર, રહેવાસી 'કૃપા નિધિ', એન. એલ. વકીલ શેરી, નાગર ચકલો, સેન્ટ્રલ બેન્ક રોડ, જામનગર-૩૬૧૦૦૧.

જાહેર કરૂં છું કે, તા. ૮-૧૧-૨૦૧૮ના દુબઈથી પરત આવ્યા બાદ મારો પાસપોર્ટ નંબર S6162979 અન્ય અસલ દસ્તાવેજો સાથે રાખેલ. જ્યાંથી ગુમ થઈ જતા અને ત્યારબાદ સઘન તપાસ કરવા છતાં મળી આવેલ નથી અને ખોવાયેલ છે.

- હિતાર્થ ચંદ્રકાંત માંડલિયા

ફાટકમુક્ત નગર બનાવવાની દિશામાં પ્રગતિ

હાપા માર્કેટીંગ યાર્ડ પાસેના રૂ. ૪૧.૮૯ કરોડના ખર્ચે નિર્માણધિન રેલવે ઓવરબ્રિજનું કામ પૂર્ણતાના આરે

(તસ્વીર: નિરવ માધવાણી)

જામનગર તા. ૧૧: જામનગર શહેરને ફાટક મુક્ત બનાવવા માટે જામનગર મહાનગરપાલિકા ની નગરજનોને નજીકના ભવિષ્યમાં વિશેષ ભેટ મળશે. હાપા માર્કેટિંગ યાર્ડ નજીક એલ.સી નં. ૧૮૮ ઉપર ૪૧.૮૯ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં છે.

જામનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને રેલવે ફાટક મુક્ત બનાવવા માટે શહેરની મધ્યમાંથી પસાર થતી જુદી જુદી રેલ્વે લાઈનના ક્રોસિંગ પર સિંગલ એન્ટિરી પદ્ધતિથી ઓવરબ્રીજ બનાવવાની કામગીરી તબક્કા વાર આગળ ધપાવવામાં આવી રહી છે, અને હાપા માર્કેટિંગ યાર્ડ નજીક એલસીને ૧૮૮ પર રૂપિયા ૪૧.૮૯ કરોડના ખર્ચે નવો ઓવર બ્રિજ સંપૂર્ણ પણે તૈયાર થયો છે, અને અંતિમ તબક્કામાં કામગીરી ચાલી રહી છે. નગરજનોને ટૂંક સમયમાં જ નવા ઓવર બ્રિજ ની ભેટ મળશે.

જામનગર મહાનગર પાલિકા દ્વારા હાપા માર્કેટિંગ યાર્ડ નજીક એલસી નં. ૧૮૮ ઉપર રેલવે ઓવરબ્રિજનું નિર્માણ સિંગલ એન્ટિરી પદ્ધતિથી કરવામાં આવી રહ્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૪૧.૮૯ કરોડ છે. જામનગરની જનતાને મહાનગરપાલિકા દ્વારા નજીકના ભવિષ્યમાં જ નવી ભેટ મળી શકે છે. તેને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જામનગર મહાનગર પાલિકા દ્વારા રેલવે તંત્રની ભાગીદારી સાથે તૈયાર થઈ રહેલા આ સંપૂર્ણ પુલની લંબાઈ ૭૩૩.૮૬ મીટર છે, જેમાંથી ૧૧૧.૮૪ મીટરનો ભાગ રેલવે વિભાગમાં આવે છે. પુલમાં ૧૦.૯૦ મીટરની ખુલ્લી કેરેજ - વે ઉપલબ્ધ રાખવામાં આવી છે, જે વાહનવ્યવહાર સરળ અને અવિરત રહે તે માટે ડિઝાઈન કરેલી છે.

જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદી, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર ભાવેશ જાની સહિતના અધિકારીઓની રાહબરી હેઠળ પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ વિભાગના રાજીવ જાની અને તેઓની સમગ્ર ટીમ દ્વારા નિર્માણ કાર્યનું સતત મોનિટરિંગ કરવામા આવી રહ્યું છે.

ખાસ કરીને જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ ને આ નવો બ્રિજ બનવાથી ખૂબ જ ફાયદો થઈ શકે છે. જ્યાં સમગ્ર સૌરાષ્ટ્ર ભરમાંથી અનેક નાના-મોટા વાહનો આવે છે, તે તમામ વાહન ચાલકો માટે આ બ્રિજ ખૂબ જ ફાયદાકારક નીવડશે, અને પ્રતિદિન અનેક વાહન ચાલકો રાહત અનુભવશે. આ પ્રોજેક્ટ વોર્ડ નં. ૧૦, ૧૧, ૧૨ તથા આસપાસના વિસ્તારના નાગરિકોને વિશેષ રીતે લાભ આપશે. હાલમાં રહેલા લેવલ ક્રોસિંગને દૂર કરીને ટ્રાફિકની સમસ્યા ઘટાડશે, અને પ્રવાસનો સમય બચાવશે, ઉપરાંત ઈંધણની બચત કરશે, અને પ્રદૂષણમાં પણ ઘટાડો લાવશે, જે ઊર્જા બચત અને પર્યાવરણ અનુકૂળતા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પુલનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં છે, અને આવનારા ૩૦ દિવસોમાં પૂર્ણ થવાની શકયતા છે.

હાલમાં અંતિમ કલર અને ફિનિશિંગનું કામ ચાલી રહ્યું છે, અને બહુ જ ઝડપથી આ પુલ વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે. અને લોકોને અવરજવર માટે ખૂબ જ સાનુકૂળ રહેશે. ખાસ કરીને અહીં વેપાર ઉદ્યોગના ટ્રાન્સપોર્ટેશન માટે ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે. એકાદ માસમાં જ સંપૂર્ણપણે પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયા બાદ તેનું લોકાર્પણ કરી દેવામાં આવશે અને જામનગરની જનતાને મહાનગરપાલિકા તરફથી એક નવી ભેટ પ્રાપ્ત થશે. સાથે સાથ ફાટક મુક્ત જામનગર શહેરને બનાવવા માટેનું મહાનગરપાલિકાનું વધુ એક કદમ આગળ ધપશે.